રે.દી.મુ.નં-૧૧/૨૦૨૪ ના કામે આંક-૦૫ નીચે હુકમ

(૧) હાલના કામના વાદીએ આ કામના પ્રતિવાદી સામે સી.પી.સી. ઓર્ડર-૩૯, રૂલ-૧(૨) તથા કલમ-૧૫૧ મુજબ કામચલાઉ મનાઇ હુકમ મેળવવા માટે અરજી કરેલી છે. વાદીની અરજીની ટુંક હકીકત જોવામાં આવે તો, તેઓ મોજે.ગામ.પીપળી થી પસાર થતાં વટામણ-ભાવનગર હાઈવે રોડની બાજુમાં ખોડીયાર હોટલના નામથી ધંધો કરતાં આવેલા હોવાની હકીકત જણાવે છે અને તે હોટલમાં ચા-નાસ્તો તથા જમવાનું બનાવી ધંધો કરતા હોવાની હકીકત જણાવે છે અને તેમાંથી તેઓનું તથા તેમના કુટુંબનું ભરણ-પોષણ કરતાં આવેલા છે. તે ખોડીયાર હોટલની જગ્યામાં તેઓનો કબજો ભોગવટો આવેલો હોય તે જગ્યા આકારણી પત્રકે દાખલ કરવા પીપળી ગ્રામ પંચાયતમાં માંગણી કરતાં ઠરાવ નં.૩/૮ થી તેઓનું નામ આકારણી પત્રકે દાખલ કરવામાં આવેલું. અને તે પીપળી ગ્રામ પંચાયત દફતરે અનુક્રમ નં.૧૧૮૦ થી મિલકત નં.૯૯૧/૨૨ થી આકારણી પત્રકે નોંધાયેલ છે. અને તે જગ્યામાં બાંધકામ કરવા માટે તેઓએ અરજી આપતા તે જગ્યામાં બાંધકામ કરવા માટેની પરવાનગી પણ પીપળી ગ્રામ પંચાયતનાએ તેઓને આપેલ છે. ૯૯૧/૨૨ વાળી મિલકત આ દાવામાં મુખ્ય વિષય વસ્તુ છે જેની ચર્તુદીશા જોતાં પુર્વ બાજુએ ખુલ્લી જગ્યા, પશ્ચિમે:- ખુલ્લી જગ્યા, ઉત્તરે:-ખુલ્લી જગ્યા તથા દક્ષિણે:-વટામણ-ભાવનગર હાઈવે રોડ આવેલ છે.

(૨) વધુમાં વાદીની રજુઆત છે કે, મિલકતનો પીપળી ગ્રામ પંચાયત ધ્વારા વાદી પાસેથી વેરો વસુલ લેવામાં આવે છે અને તે વેરો વસુલ લીધા બદલ પ્રતિવાદી ધ્વારા પહોંચ આપવામાં આવેલ છે. અને તે હોટલની જગ્યામાં વાદીના નામનું લાઈટ કનેકશન પણ આવેલ છે તથા તે જગ્યામાં પીપળી ગ્રામ પંચાયતના પાણીની સુવિધા પણ આપવામાં આવેલ છે અને તે રીતે સદર જગ્યામાં વાદી કાયદેસર રીતે કબજેદાર અને ભોગવટેદાર હોવા છતાં અને તે હકીકત પ્રતિવાદીની જાણમાં હોવા છતાં વાદીના ધંધાથી આગળ અન્ય ઈસમોનો પણ હોટલનો ધંધો ચાલતો હોય તેવા ઈસમો વાદીની જાણ બહાર પીપળી ગ્રામ પંચાયતમાં વાદીની ખોડીયાર હોટલ બંધ કરાવવા માટેના પ્રયત્નો કરી પીપળી ગ્રામ પંચાયતમાં કોઈપણ જાતની લેખિત અરજી આપ્યા સિવાય વાદીની મિલકતને દુર કરવા માટે પ્રયત્નો કરી રહેલા હોય તે બાબતે વાદીએ પ્રતિવાદીને સ્ટેચ્યુટરી નોટીસ આપેલ છે તેનો વાદીને કોઈ જવાબ આપેલ નથી અને

તા.૦૬/૦૩/૨૦૨૪ ના રોજ સાંજના ચાર વાગ્યાના અરસામાં અજાણ્યો ઈસમે આવી વાદીને જણાવેલ કે તમોએ પંચાયતને નોટીસ આપી છે જેથી તમારે આ જગ્યામાંથી તાત્કાલીક તમારો સર-સામાન ઉઠાવી લઈ આ જગ્યા ખુલ્લી કરી દેવી તેવી ધમકી આપતા વાદીએ તે અજાણ્યા ઈસમની માહિતી પુછતાં તે ઈસમે તેમની કોઈ માહિતી આપેલ નહિ અને પંચાયત ધ્વારા મિલકત તોડી પાડી દુર કરાવી દઈશ તેવી ધમકી આપી જતાં રહેલા જેથી વાદી તેઓની કબજા ભોગવટાની જગ્યામાં ખોડીયાર હોટલના નામથી ધંધો કરતાં હોવાની હકીકત પ્રતિવાદી જાણતા હોવા છતાં પ્રતિવાદી વાદીના કાયદેસરના કબજા ભોગવટાના દખલ અડચણ કરી વાદીને તેઓની મિલકતમાંથી દુર કરવા માટે લોકોની ચઢવણીથી પજવણી કરી રહેલા હોય દાવા પેરા-૨ માં દર્શાવેલ આકારણી પત્રકે ચાલતી મિલકત નં.૯૯૧/૨૨ ના વાદી કાયદેસરના કબજા ભોગવટેદાર હોવાનું જાહેર કરવા તથા પ્રતિવાદી કે પ્રતિવાદી સંસ્થાના ઈસમો કાયદેસરની પ્રક્રિયા અનુસર્યા સિવાય દાવાવાળી મિલકતમાં ચાલતાં વાદીના ખોડીયાર હોટલના નામના ધંધાવાળી જગ્યાને નુકશાન કરે કરાવે નહિ કે વાદીને સદર જગ્યામાં ધંધો કરતાં રોકે-રોકાવે નહિ કે સદર જગ્યામાં બાંધવામાં આવેલ મિલકતને તોડ ફોડ કરે કરાવે નહિ તે મતલબનો પ્રતિવાદી વિરુધ્ધ કાયમી મનાઈ હુકમ મેળવવા હાલની મનાઈ અરજી કરવાની જરૂરીયાત ઉત્પન્ન થયેલ છે. વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં નહિ આવે તો પ્રતિવાદી તેમના કૃત્યમાં ફાવી જશે તો વાદીનો ધંધો પડી ભાગશે અને વાદી રસ્તે રઝળતાં બેરોજગાર થઈ જશે અને તેઓનું કુટુંબ પાયમાલીમાં મુકાઈ જશે જેથી નાણાંથી પણ બદલો ન વડે તેવું અમાપ નુકશાન વાદીને થાય તેમ છે. તેથી વિરુધ્ધ જો માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં આવે તો પ્રતિવાદીને કોઈ નુકશાન જાય તેમ નથી જેથી પણ વાદીને માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવો જરૂરી અને ન્યાયી છે.આમ જણાવી પ્રતિવાદીઓ કે પ્રતિવાદીઓના માણસો એજન્ટો, એસાઈનીઓ, નોકરો દાવાવાળી મિલકતમાં વાદીના આવેલ કબજા ભોગવટાના તથા તે મિલકતમાં આવેલ બાંધકામમાં ચાલતા ખોડીયાર હોટલ નામનો ધંધો કરતાં રોકે-રોકાવે નહિ કે પ્રતિવાદીઓ કાયદેસરની પ્રક્રિયા અનુસર્યા સિવાય દાવાવાળી મિલકતનો કબજો લે-લેવડાવે નહિ કે છીનવી લે નહિ તે મતલબનો પ્રતિવાદીઓ વિરુધ્ધ કામચલાઉ મનાઈ હુકમ આપવા હાલની અરજી કરેલી છે.

(૩) વાદીની મનાઇ અરજી વિરુધ્ધ પ્રતિવાદી તરફે આંક-૨૭ થી જવાબ રજુ કરેલો છે. વાદીની મનાઇ અરજી ખોટી છે અને તેમાં જણાવેલ હકીકતો ખરી નથી. તેઓના જવાબમાં

કબુલ કર્યા સ્વિાયની તમામ હકીકતો તેઓને કબુલ મંજુર નથી તેમ જણાવી વધુમાં જણાવે છે કે, પ્રતિવાદી વાદીના દાવાને Non-joinder અને/અથવા Mis-joinder of Parties નો સ્પષ્ટ બાધ નડતો હોય, દાવો રદ થવાને પાત્ર ઠરે છે. વાદીએ પ્રસ્તુત દાવો કરતા અગાઉ પ્રસ્થાપિત કાનુની જોગવાઈઓ મુજબ પ્રતિવાદીને સીવીલ પ્રોસીજર કોડની કલમ-૮૦ (સી) હેઠળ નોટીસ પાઠવેલ ન હોય, દાવો રદ થળને પાત્ર ઠરે છે. વાદીની દાવા અરજીમાં જણાવેલ કથન મુજબ વાદીએ જે કથન કરેલ છે તે દાવાવાળી જમીનનો નવો રેવન્યુ સર્વે નંબર-૧૩૫૬(જુનો રેવન્યુ સર્વે નંબર-૧/૩) જેનું ક્ષેત્રફળ : ૨૯૪૧૪૫ ચોરસ મીટર છે જે ગૌચરની જમીન છે. સદર દાવાવાળી જમીન બાબત પ્રતિવાદીની જાણ મુજબ તાલુકા વિકાસ અધિકારીશ્રીએ ગામતળ /સરકારી ગૌચર જમીન ઉપરના દબાણ દુર કરવા બાબત, ડીસ્ટ્રીકટ લેન્ડ ગ્રેબિન્ગ (પ્રોહિબીશન) કમીટીની તારીખ: ૧૩/૦૮/૨૦૨૧ ની સમીતીની બેઠક તથા મદદનીશ કલેકટરશ્રી, ધંધુકાપ્રાંતના પત્ર નંબર/જમીન/પીપળી/સરકારી/ગૌચર/૨૦૨૧, તારીખઃ ૧૩/૦૮/૨૦૨૧ ના અનુસંધાને વાદીને તારીખ:૨૫/૧૧/૨૦૨૧ ના રોજ પત્ર નં. ટી.પી./પંચત/પીપળી/દબાણ/વશી/૩૦૬ થી ૩૪૭ થી તેઓએ માલીકીના પુરાવાઓ રજુ કરવા બાબત પત્ર લખવામાં આવ્યો હતો. આ સંજોગોમાં વાદીએ આ કામે રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ તારીખ : ૨૫/૧૧/૨૦૨૧ પહેલાના છે. જેથી વાદીએ પ્રસ્તુત દાવો લેન્ડ ગ્રેબિંગની કાનુની કાર્યવાહીથી બચવા કર્યા હોવાનું સાબિત થાય છે. આ કામના વાદીએ સદર દાવા સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા જોવામાં આવે તો તે કલેકટરશ્રી કે તાલુકા પંચાયત ના હુકમ હેઠળ પીપળી ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવેલ ઠરાવ હકુમત વિનાના સાબિત થાય છે આ કામના વાદીએ પીપળી ગ્રામ પંચાયત દફતરે મિલકત નંબર-૯૯૧/૨૨ થી આકારણી પત્રકે નોંધાયેલ હોવાનું જણાવે છે અને તેમાં ખોડીયાર હોટલના નામે ધંધો કરે છે તે જગ્યા અંગે જે તે સમયે પીપળી ગ્રામ પંચાયત દ્વારા કોઈ ઠરાવ પસાર કરવામાં આવેલ નથી. કારણ કે તેઓ કોઇ ઠરાવ પીપળી ગ્રામ પંચાયતની કચેરીમાં ઉપલબ્ધ નથી.વાદીની દાવા અરજી માં કરવામાં આવેલ કથન વંચાણે લેતા વાદી દાવાવાળી જમીન કચારથી તેઓના કબજામાં છે તે સ્પષ્ટ શબ્દોમાં જણાવેલ નથી. આ કામના વાદીએ સદર પેરામાં કરવામાં આવેલ કથન મુજબ વાદી પોતે દાવાવાળી જમીનના માલીક નથી કે તેઓએ કોઈ તેઓ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. તેવુ તેમની દાવા અરજીમાં કરવામાં આવેલ કથન વંચાણે લેતા સાબિત થાય છે. તેથી વિરૂધ્ધ વાદી પોતે જ સ્વીકાર કરેલ છે કે દાવાવાળી જમીન કહેવાતા ઠરાવ નંબર-૩/૮ થી તેઓને મળેલ છે. પરંતુ આ

ઠરાવ ને તાલુકા પંચાયત કે કલેકટરશ્રીએ બહાલી આપેલ હોય તેવુ બનેલ નથી. આ કામના વાદીને ગ્રામ પંચાયત પીપળી એ ભાડે થી કે ભાડાપટ્ટા પર દાવાળી જમીન આપી હોય તેવી રજુઆત પણ નથી ત્યારે વાદીએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ સને-૨૦૨૧ પહેલાના છે અને સરકારી ગામતળ/સરકાર/ગૌચર ની જમીન પર દબાણ દુર કરવા કાનુની કાર્યવાહી થઈ રહી હોય ત્યારે વાદીને કાનુની કાર્યવાડી થી બચવા રક્ષણ આપી શકાય નહી. તેવી નમ્ર રજુઆત છે. વાદીએ સદર પેરામાં તેઓએ તારીખ:૦૬/૦૩/૨૦૨૪ ના રોજ સાંજના પાંચ વાગ્યાના અરસામાં અજાણ્યા ઈસમોએ આવી તેઓ ને દાવાવાળી જમીનનો કબજો ખાલી કરવા ધમકી આપી વિગેરે કવનો દાવો કરવા ઉપજાવી કાઢેલ હોવાનું સાબિત થાય છે. વાદી દાવાવાળી જમીનના માલિંક નથી કે તેઓને દાવાવાળી જમીન ભાડે થી કે ભાડા પટે કે લાઈસન્સ હેઠળ સરકાર દ્વારા આપવામાં આવી હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ ન હોય,વાદીની અરજી રદ કરવા અરજ ગુજારેલી છે.

(૪) ઉપરોકત બંને પક્ષની રજુઆતો ધ્યાને લેતાં, હાલની અરજીના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ મારી સમક્ષ ઉપસ્થિત થયેલા છે.

-:મુદ્દાઓ:-

૧) શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે?

૨) શું સગવડતા અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે?

૩) શું માગ્યા મુજબનો મનાઇ હુકમ ન આપવાથી વાદીને નાણાંથી ભરપાઇ ન થાય તેવું નુકસાન થાય તેમ છે?

૪) શું હુકમ?

(૫) ઉપરોકત મુદાઓનો મારો નિર્ણય કારણો સહિત નીચે મુજબ છે.

૧) નકારમાં,

૨) નકારમાં,

૩) નકારમાં,

૪) આખરી હુકમ મુજબ.

-:કારણો:-

(૬) <u>મુદા નં-૧ થી ૩ ની સંયુકત ચર્ચા:-</u>

સદર કામે મુદ્દા નં.૧ થી ૩ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય, પુનરાવર્તન ટાળવાના

હેતુથી તેઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

મનાઈ હુકમ આપવા માટેના સર્વમાન્ય કાનૂની સામાન્ય નિયમો આ પ્રમાણે છે :

કોઈપણ કેસમાં મનાઈ હુકમ આપવો કે ન આપવો એ કેસની હકીકતો સાથે કાયદાની જોગવાઈઓ સાથે સુસંગત હકીકતોને અનુલક્ષીને અદાલતની વિવેકાધિન સત્તા છે. જો કે આ સત્તાનો ઉપયોગ ન્યાયાયિક રીતે અને વિવેકપૂર્ણ હોવો જોઈએ. સામાન્ય રીતે મનાઈ હુકમ આપવા માટેના ત્રણ મહત્વના સિધ્ધાંતો છે અને તે પ્રથમદર્શનીય કેસ, નાણામાં ન આંકી શકાય તેવુ નુકશાન અને સગવડ અગવડનો સિધ્ધાંત. આ ત્રણ સિધ્ધાંતો પૈકીનો પ્રથમ સિધ્ધાંત જોવામાં આવે તો મનાઈ હુકમ માંગનાર પક્ષકારે કોર્ટને સંતોષકારક રીતે જણાવવું જોઈએ કે પોતાનો કેસ કાયદાકીય જોગવાઈઓને આધિન છે અને પોતે શુધ્ધબુધ્ધથી અને ચોખ્ખા હાથે અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલ છે. જો પુરાવો રેકર્ડ કરવામાં આવશે તો પુરાવાના અંતે પોતાની તરફેણમાં ચુકાદો આવવાની પણ શકયતા છે સાથે સાથે એવું પણ બતાવવું પડે કે પ્રથમદર્શનીય રીતે પોતે મજબુત પુરાવાઓ પણ ધરાવે છે જે પોતાના દાવા સાથે સુસંગત પુરાવાઓ છે. જો કે માત્ર પ્રથમદર્શનીય કેસ હોવો એટલું જ પર્યાપ્ત નથી પરંતુ તેણે એવું પણ બતાવવું પડે કે જો પોતાને મનાઈ હુકમની દાદ ન મળશે તો તેને બીજા સિધ્ધાંત પ્રમાણે નાણામાં ન આંકી શકાય તેવુ ગંભીર નુકશાન પણ જશે, અને હાલની દાદ સિવાય તેની પાસે બીજી કોઈ વૈકલ્પિક દાદ પણ માંગી શકે તેમ નથી કે જેનાથી તે પોતાના હિતનું રક્ષણ કરી શકે. વળી જો તેને થયેલ નુકશાન માટે વળતર અપાવી શકાતુ હોય અથવા તો નુકશાનની કિંમત આંકી શકાય તેમ હોય તો પણ તેવી દાદ માંગવાને તે હકકદાર ઠરતા નથી. જયારે ત્રીજા સિધ્ધાંત મુજબ સગવડતા અગવડતાના સિધ્ધાંતનું પલ્લુ પણ તેની તરફેણમાં છે તેમ બતાવવું પડે, અને તે માટે જો તેને માંગણી મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવશે તો સામાવાળા જે મુશ્કેલીમાં મુકાય અથવા ન મુકાય તે કરતા વધુ મુશ્કેલી તે અનુભવશે અને તેમ થાય તો ભવિષ્યમાં અનેક દાવાદુવીના પ્રકરણોમાં તેને ઉતરવુ પડશે, નામદાર વિવિધ હાઈકોર્ટો તથા નામદાર સુપ્રિમકોર્ટ આ મુદ્દા ઉપર ઘણાંબધા ચુકાદાઓમાં તે અંગેના સિધ્ધાંતો સ્પષ્ટ કરેલ છે, આ સિધ્ધાંતો પૈકી એક ઐતિહાસિક અને સિમાચિન્હ રૂપી ચુકાદાને અવતરણમાં લેવું મને ઉચિત જણાય છે, જે આ મુજબ છે.

"Gujarat Bottling Co. Ltd. and others v. Coca Cola Co. and others (1995) 5 SCC 544 at 574,

> *"The object of the interlocutory injunction is to protect the plaintiff against injury by violation of his right for which he could not be adequately compensated in damages recoverable in the action if the uncertainty were resolved in his favour at the trial. The need for such protection has, however, to be weighed against the corresponding need of the defendant to be protected against injury resulting from his having been prevented from exercising his own legal rights for*

which he could not be adequately compensated. The court must weigh one need against another and determine where the 'balance of convenience' lies."

(૭) અરજી વંચાણે લીધી. જવાબ વંચાણે લીધો. વાદી તરફે આંક-૧૩ થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે જેમાં વાદીએ તેઓની મનાઇ અરજીની હકીકતો જણાવેલ હોય તેથી પુનરાવર્તન ટાળવાના હેતુથી તેની અહીં ફરીથી ચર્ચા કરવામાં આવતી નથી. પ્રતિવાદી તરફે કરવામાં આવેલ મૌખિક દલીલો ધ્યાને લીધી. વાદી તરફે નિ. ૩/૧ થી ૩/૧૩ તેમજ પ્રતિવાદી તરફે નિ. ૩૦/૧ થી ૩૦/૩ સુધીના દસ્તાવેજો રજુ કરેલા છે જે દસ્તાવેજો વંચાણે લેવામાં આવેલ છે. વાદીની દાવા અરજીની હકીકત જોતાં તેઓ મુખ્યત્વે જણાવે છે કે, મોજે.ગામ પીપળી થી પસાર થતાં વટામણ-ભાવનગર હાઈવે રોડની બાજુમાં ખોડીયાર હોટલના નામથી તેઓ હોટલ ધરાવે છે અને તે હોટલમાં ચા-નાસ્તો તથા જમવાનું બનાવી ધંધો કરે છે અને સદરહું ખોડીયાર હોટલની જગ્યામાં તેઓનો કબજો ભોગવટો આવેલો હોય તે જગ્યા આકારણી પત્રકે દાખલ કરવા પીપળી ગ્રામ પંચાયતમાં માંગણી કરતાં ઠરાવ નં.૩/૮ થી તેઓનું નામ આકારણી પત્રકે દાખલ કરવામાં આવેલ છે અને તે પીપળી ગ્રામ પંચાયત દફતરે અનુક્રમ નં.૧૧૮૦ થી મિલકત નં.૯૯૧/૨૨ થી આકારણી પત્રકે નોંધાયેલ છે. પરંતુ પ્રતિવાદી સદરહું મિલકતમાંથી વાદીને દુર કરવા અને કાયદેસરની પ્રક્રિયા અનુસર્યા સિવાય દાવાવાળી મિલકતમાં ચાલતાં વાદીના ખોડીયાર હોટલના નામના ધંધાવાળી જગ્યાને નુકશાન કરવાનો પ્રયત્ન કરે છે અને સદર જગ્યામાં બાંધવામાં આવેલ મિલકતને તોડ ફોડ કરવા માંગે છે જેથી હાલની મનાઇ અરજી દાખલ કરેલી છે. આ સબંધે વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લેતાં, તેઓ સદરહું મિલકતનો વેરો ભરતા હોવાની હકીકત જણાઇ આવે છે પરંતુ સદરહું મિલકતની માલીકી વાદીની હોય, તેવો કોઇ પુરાવો વાદી એ આ તબકકે રજુ કરેલો નથી. આકારણી પત્રકમાં વાદીનું નામ હોવા માત્રથી અને મિલકતનો વેરો ભરતા હોવા માત્રથી દાવાવાળી મિલકત વાદી ના કાયદેસર ના કબજા ભોગવટાની હોવાનું પ્રથમ દર્શનીય રીતે માની શકાય તેમ નથી. હવે, આ કામે વાદી દ્વારા એવા કથન સાથે અદાલત સમક્ષ હાલની અરજી દાખલ કરેલી છે કે પ્રતિવાદી ના માણસો ગેરકાયદેસર રીતે વાદીને કબજા વિહિન કરાવવા પ્રયત્ન કરી રહેલ છે. પરંતુ આ હકીકત દર્શાવવા માટે વાદી દ્વારા લેશમાત્ર સમર્થનકારી પુરાવો રજુ કરેલ નથી. વાદીના કથન મુજબ અજાણ્યા ઇસમોએ આવીને વાદીને જગ્યા ખુલ્લી કરી દેવા માટે ધમકી આપેલાની હકીકત વાદી જણાવે છે પરંતુ આવા કોઇ ઇસમો ના નામ વાદી દ્વારા જાહેર કરેલ નથી કે આવા કોઇ કહેવાતા બનાવ બાબતે વાદીએ કોઇ ફોજદારી ફરીયાદ દાખલ કરેલ હોય કે કોઇ કાર્યવાહી કરેલ હોય તેવું પણ રેકર્ડ જોતાં જણાઇ આવતું નથી. પ્રતિવાદી ના જવાબ મુજબ વાદીએ સરકારી ગૌચર જમીન ઉપર ગેરકાયદેસર કબજો કરેલો છે અને તેને ખાલી કરાવવા માટે કાયદેસર ની કાર્યવાહી તેઓની સામે

કરવામાં આવેલી છે. હાલના દાવા કામે ત્રાહિત પક્ષકાર ઓમદેવસિંહ કિશોરસિંહ ચુડાસમાનાઓ દ્વારા રજુ કરવામાં આવેલ માર્ક–૧૭/૧ વાળી ફરીયાદ અરજી ધ્યાને લેવામાં આવે તો અરજદાર ઓમદેવસિંહ કિશોરસિંહ ચુડાસમા નાઓએ શ્રી ખોડીયાર હોટલ વાળી જગ્યા બાબતે લેન્ડ ગ્રેબીંગ ની ફરીયાદ દાખલ કરેલી છે અને સદર જમીન સરકારી ગૌચરવાળી જમીન હોય, જેમાં ખોડીયાર હોટલ નો ગેરકાયદેસર રીતે કબજો હોવા મતલબની ફરીયાદ દાખલ કરવામાં આવેલી છે. આ કામે માર્ક–૧૭/૧ થી રજુ થયેલ લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ની ફરીયાદ તા. ૦૨/૦૧/૨૦૨૪ ના રોજ દાખલ થયેલી છે જયારે હાલનો દાવો વાદીએ તા. ૧૧/૦૩/૨૦૨૪ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. લેન્ડ ગ્રેબીંગ ની ફરીયાદ થયેલી હોવા બાબતેની કોઇ હકીકત વાદી દ્વારા અદાલત સમક્ષ જાહેર કરેલ નથી અને જેથી વાદી અદાલત સમક્ષ ચોખ્ખા હાથે આવેલા નથી અને મહત્વની હકીકત છુપાવી રાખેલ હોવાનું ફલીત થાય છે. ઉપરાંતમાં, સદરહું કામે મામલતદારશ્રી, ધોલેરાનાઓએ આ કામના વાદીએ સરકારી પડતર જમીનમાં વાણીજયિક હેતુ માટે ૧૦ વર્ષોથી અનઅધિકૃત કબજો કરેલો હોય તેથી સદરહું જગ્યાનો કબજો સર્કલ ઓફીસરને સોંપવાનો હુકમ કરેલો છે તેમજ સદરહું જગ્યામાં વાદીએ જે દબાણ કરેલ છે તે બિનખેતી હેતુસર કરેલ છે અને તેથી તેઓને રૂ. ૨,૦૬,૧૭૦/- નો દંડનો હુકમ પણ મામલતદારશ્રીએ કરેલો છે તેમજ વાદીએ મામલતદારશ્રી સમક્ષ હાજર થઇને તેઓના જવાબમાં સરકારી જમીનમાં દબાણ કરેલ હોવાની હકીકત લેખિત જવાબમાં સ્વકારેલાની હકીકત નિ. ૩૦/૧ થી રજુ થયેલ હુકમમાં જણાઇ આવે છે. સદરહું મામલતદારશ્રીના હુકમ સામે વાદીએ પ્રાંત અધિકારી સમક્ષ અપીલ દાખલ કરતાં, પ્રાંત અધિકારીશ્રીનાઓએ પણ વાદીની અપીલ નામંજુર કરી, મામલતદારશ્રીનો હુકમ ગ્રાહય રાખેલ છે. સ્પેસીફીક રીલીફ એકટ ની જોગવાઇઓ મુજબ કોઇ સંસ્થાને કાયદેસર ની કાર્યવાહી કરતા અટકાવી શકાય નહિં. આ કામે પ્રતિવાદી સંસ્થા દ્વારા વાદી ને કબજા વિહિન કરાવવા ગેરકાયદેસર કૃત્ય આચરવામાં આવેલ હોય, તેવો પ્રથમ દર્શનીય પુરાવો વાદી દ્વારા રજુ કરવામાં આવેલો નથી.

(૮) આવા સંજોગોમાં વાદી પોતાનો મજબુત પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ છે તેવુ આ અદાલતનું નમ્રપણે માનવુ છે. આ તબકકે નામ.સર્વોચ્ચ અદાલત ધ્વારા "Kashi Math Samsthan v. Srimad Sudhindra Thirtha Swamy" reported in AIR 2010 SUPREME COURT 296 ના ચુકાદામાં કરેલ અવલોકોન વંચાણે લેવા જરૂરી જણાઇ જે જેમાં નામ. અદાલત ધ્વારા એવુ ઠરાવેલ છે કે,

> *"It is well settled that in order to obtain an order of injunction, the party who seeks for grant of such injunction has to prove that he has made out a prima facie case to go for trial, the balance of*

convenience is also in his favour and he will suffer irreparable loss and injury if injunction is not granted. But it is equally well settled that when a party fails to prove prima facie case to go for trial, question of considering the balance of convenience or irreparable loss and injury to the party concerned would not be material at all, that is to say, if that party fails to prove prima facie case to go for trial, it is not open to the Court to grant injunction in his favour even if, he has made out a case of balance of convenience being in his favour and would suffer irreparable loss and injury if no injunction order is granted".

હવે, જયારે વાદી પોતાનો કેસ પ્રથમ દર્શનીય હોવાનું પુરવાર કરી શકેલ નથી અને ઉપરોકત પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ સગવડતા અગવડતાની તુલ્લાની તેમજ નાણા માં ન આંકી તેવુ નુકશાન વાદીને જાય તેમ હોય તે બન્ને મુદ્દા પણ વાદી પોતાની તરફેણમાં હોવાનું પુરવાર કરી શકેલ નથી. જેથી વાદીનો પ્રથમ દર્શનીય મજબુત કેસ હોવાની હકીકત પુરવાર થઇ શકેલ નથી. વાદી નું કન્ડકટ જોવામાં આવે તો દાવાવાળી જગ્યા બાબતે લેન્ડ ગ્રેબીંગ એકટ અનવયે તેઓની સામે ફરીયાદ દાખલ કરવામાં આવેલ હોવાની હકીકત અદાલત સમક્ષ છુપાવી રાખેલ છે અને કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ જયારે વાદી અદાલત સમક્ષ ચોખ્ખા હાથે આવેલ ન હોય, ત્યારે પોતે સમન્યાય પ્રકારની દાદ મેળવવા હકકદાર રહેતા નથી. આવા સંજોગોમાં મુદ્દા નં. ૧ થી ૩ પુરવાર કરવામાં વાદી સદંતર નિષ્ફળ નિવડેલ હોય, જેથી મુદ્દા નં. ૧ થી ૩ નો જવાબ નકારમાં ઠરાવુ છું. અને મુદ્દા નં. ૪ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

-:હુકમ:-

૧) આથી, વાદી પક્ષની આંક-૦૫ ની કામ ચલાઉ મનાઇ હુકમ મેળવવાની અરજી નામંજુર કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

૨) અરજીનું ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

Date: 03/04/2026
Place: Dholera

(Mr. Piyush Navinbhai Lakhani)
Principal Civil Judge
Dholera, Dist. Ahmedabad(Rural)
Judge Code GJ01565